# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

વંચાણે લીધોઃ-(૧)અત્રેની કચેરીના પરિપત્ર નં. આકૃયુ/રજી/લીગલ/૪૩/૨૧, તા.૦૪-૦૫-૨૦૨૧
(૧)અત્રેની કચેરીના પરિપત્ર નં. આકૃયુ/રજી/લીગલ/૭૬/૨૧, તા.૦૨-૦૬-૨૦૨૧

-પરિપત્ર- (સ્મૃતિપત્ર)

ઉપરોકત વંચાણે લીધેલ સંદર્ભથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના મુખ્ય કેન્દ્ર તથા વિવિધ સંશોધન/વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો, કોલેજ હસ્તકના સંશોધન-વ-પ્રયાગિક ફાર્મ વિગેરે ઉપર કામ કરતા ખેત મજુર સ્કીલ્ડ/ અન-સ્કીલ્ડ/ સેમી-સ્કીલ્ડ તરીકે રોકવામાં આવેલ શ્રમયોગીઓ કે જેઓ કલમ-૧માં કાયમી થયા તે પહેલાં રોજમદાર તરીકે કામગીરી કરેલ હતી તેઓની ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ-૧૯૭૨ હેઠળ ગ્રેજયુઇટી ચુકવવા માહિતી માંગવામાં આવેલ છે. જેમાં ઘણા બધા યુનિટ/સબ યુનિટ/કોલેજો/ફાર્મ તરફથી માહિતી મળેલ નથી. જે અંગે ફરીથી સ્મૃતિ પત્ર પાઠવતા જણાવવામાં આવે છે કે સદરહું બાબતની માહિતી દિન-૧૦માં અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુમાં જે કોઇ શ્રમયોગીને મળવા પાત્ર ગ્રેજયુઇટી ની માહિતી મળવામાં નહિ આવે અને આ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉભો થશે તો આ અંગેની સઘળી જવાબદારી સબંધિત યુનિટ વડાની રહેશે. જેની નોંધ લેવી.

કુલસચિવ

જા.નં. આકૃયુ/રજી/કલમ-૧/લીગલ/૧૨૮/૨૧
તા. ૫-૦૭-૨૦૨૧, આણંદ

<u>નકલ રવાનાઃ-</u>

(૧) તમામ યુનિટ અધિકારી/ સબ યુનિટ અધિકારી(પેટા કેન્દ્રો સહિત) આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તેમજ અમલ થવા સારુ.

(૨) હિસાબ નિયામકશ્રી/-હિસાબી અધિકારી, આ.કૃ.યુ. આણંદ (૩) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારુ. (૪)અત્રેની કચેરીની તમામ શાખા તરફ જાણ સારુ.